**ફો.કે.નં.૨૮૫/૨૦૨૩**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આ કામના આરોપીઓ સામે બીયારણ અધિનિયમ ૧૯૬૬ ની કલમ–૬(ક) સાથે વાંચતા કલમ–૭(ખ) તથા બીયારણ નિયમો ૧૯૬૮ ના નિયમ–૧૦ મુજબનો ગુનો નોંધાયેલો છે. સબબ ગુનામાં અત્રેની અદાલતમાં આરોપીઓ વિરૂધ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ અન્વયે ખાનગી ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને આરોપીઓ વિરૂધ્ધ ગુનાનુ સંજ્ઞાન લઈ સમન્સ ઈસ્યુ કરતા તેની અત્રેની અદાલતમાં હાજર થયેલા. સબબ આરોપીઓએ કબુલાત પુરસીસ રજુ કરેલલ અને તેઓએ તેમની અને તેમની પેઢી વતી ગુનો કબુલી નીવેદન આપેલ છે અને ગુનો કબુલ છે તેવુ જણાવેલ છે. સબબ કબુલાત સ્વૈચ્છીક હોય, મુદામાલ માટેનો કોઈ કલેઈમ કરેલ ના હોય ન્યાયના હિતમાં સબબ કબુલાત ગ્રાહય રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

આ કામના આરોપી નં.૧ જલારામ એગ્રો સેન્ટર (વિક્રેતા પેઢી), ૨) કાનાબાર ઉપેન્દ્ર જગજીવનદાસ, ૩) SHUKAN SEEDS, ૪) વિશ્વાસભાઈ કીશોરભાઈ દોંગા નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૬(૩) અન્વયે બીયારણ અધિનિયમ ૧૯૬૬ ની કલમ–૧૯ ની જોગવાઈઓના ભંગ અન્વયે બીયારણ અધિનિયમની કલમ–૬(ક), ૭(ખ) મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપી દીઠ રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) મળી કુલ રૂા.૪,૦૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો આરોપીઓએ કંપની સીવાય નાઓ આરોપી નં.૨ તથા ૪ નાઓને અલગ અલગ ૩૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. કંપની વતી તેઓના જવાબદાર અધિકારી/કર્મચારીએ દંડની રકમની ચુકવણી કરવી.

હુકમ આજ રોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–તાલાલા
તાઃ–૧૪/૦૩/૨૦૨૬

(પી.એન.જાડેજા)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
તાલાલા
કોડ નં.જી.જે.૦૧૭૩૩.